


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 099
Dt.: 13-02-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### ભાજપના સાંસદે નોટિસ આપી

# રાહુલ ગાંધીને ચૂંટણી લડવા પર આજીવન રોક લગાવો

## ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સટેંટિવ મોશન લાવવાની નોટિસ આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સંસદનું આ બજેટ સત્ર અત્યાર સુધીમાં ખૂબ જ હોબાળો અને સનસનીખેજ રહ્યું છે. હવે ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ એક પ્રસ્તાવની નોટિસ આપી છે. ભાજપ સાંસદે રાહુલ ગાંધી પર આરોપ લગાવ્યો છે કે તેમને ભારત વિરોધી તત્ત્વો સાથે મિલિભગત છે. આવા સમયે તેમની લોકસભા સદસ્યતા રદ થવી જોઈએ, સાથે જ કોંગ્રેસ સાંસદને આજીવન ચૂંટણી લડતા પણ રોકવામાં આવે તેવી ભાજપના સાંસદે વાત કહી છે.

ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ ગુરુવારે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ સબ્સટેંટિવ મોશન લાવવાની નોટિસ આપી છે અને તેમની સંસદ સદસ્યતા રદ કરવાની સાથે આજીવન ચૂંટણી લડવા માટે અયોગ્ય ઘોષિત કરવાની માગ કરી છે. સંસદ પરિસરમાં ભાજપ સાંસદે કહ્યું કે, તેમણે પોતાની નોટિસમાં રાહુલ ગાંધીની વિદેશ મુલાકાત અને કથિત રીતે સોરોસ ફાઉન્ડેશન, યુએસએઆઈડી અને ફોર્ડ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો સાથે સંપર્કનો ઉલ્લેખ કર્યો છે. દુબેએ આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી થાઈલેન્ડ, વિયતનામ અને કંબોડિયા જેવા દેશોની યાત્રા દરમ્યાન ભારત વિરોધી તત્ત્વો સાથે મિલીભગત કરે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ કોઈ વિશેષાધિકાર પ્રસ્તાવ નથી, પણ એક સ્વતંત્ર અને આત્મનિર્ભર પ્રસ્તાવ એટલે કે સબ્સટેંટિવ મોશન છે, જેનો ઉદ્દેશ્ય સદન સમક્ષ નિર્ણય અથવા મત વ્યક્ત કરવાનો હોય છે.

ભાજપ સાંસદે કહ્યું કે, મેં સબ્સટેંટિવ મોશનની નોટિસ આપી છે, જેમાં રાહુલ ગાંધીની ગતિવિધિઓ અને વિદેશી સંગઠનો સાથે કથિત સંબંધોનો ઉલ્લેખ છે. તેના આધાર પર તેમની લોકસભા સદસ્યતા રદ થવી જોઈએ અને તેમને જીવનભર ચૂંટણી લડતા રોકવામાં આવે. કોંગ્રેસ તરફથી આ આરોપ પર તત્કાળ કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી. તો વળી રાજનીતિક વિશ્લેષકો આને સંસદમાં ચાલી રહેલા અથડામણ વચ્ચે નવા ચેપ્ટર તરીકે જોઈ રહ્યા છે, વિપક્ષી પાર્ટીઓનો આરોપ છે કે સરકાર અસહમતિની અવાજને દબાવવાની કોશિશ કરી રહી છે, જ્યારે ભાજપના નેતાઓનું કહેવું છે કે રાષ્ટ્રીય હિત સાથે જોડાયેલા મામલામાં જવાબદારી જરૂરી છે. હવે બધાની નજર એ વાત પર છે કે સ્પીકર અને સદન આ નોટિસ પર શું એક્શન લે છે અને શું તેને આગળની કાર્યવાહી માટે સ્વીકાર કરવામાં આવે છે કે નહીં.

લોકસભામાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા દરમ્યાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલને આત્મસમર્પણ ગણાવતા આરોપ લગાવ્યો કે આ ડીલ દ્વારા ભારતની ઊર્જા સુરક્ષા અમેરિકાના હવાલે કરી દીધી છે અને ખેડૂતોના હિતો સાથે સમાધાન કર્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ડીલ અંતર્ગત ભારતીય હિતોની ભાજપની ફાઈનાન્શિયલ સ્ટ્રક્ચર બચાવવા માટે ગિરવે મૂકી દીધી છે. તેમણે માર્શલ આર્ટનું ઉદાહરણ આપતા કહ્યું કે, પહેલા પકડ બનાવવામાં આવે છે, પછી ગળું દબાવવામાં આવે છે અને છેલ્લે સામેવાળો હાર માની લે છે.

### બાકીની બે સ્ક્વોડ્રન નવેમ્બર સુધીમાં આવી જશે

# રશિયાએ એર ડિફેન્સ સિસ્ટમ S-400 ભારતને મોકલવાની તૈયારીઓ શરૂ કરી

## ભારતે રશિયા પાસેથી પાંચ S-400 સિસ્ટમ ખરીદવા માટેની ડીલ કરેલી છે, રશિયા ત્રણ સિસ્ટમ મોકલી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો,

અમેરિકા બાદ અને મિત્ર દેશ રશિયાએ ભારતને મોટી ભેટ આપી છે. તાજેતરમાં જ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ટેરિફમાં મોટી રાહત આપી ટેરિફ દર ૨૫ ટકાથી ઘટાડી ૧૮ ટકા કર્યો છે. ત્યારે હવે રશિયાએ વિશ્વની સૌથી ભયાનક એર ડિફેન્સ સિસ્ટમ S-400 ભારતને મોકલવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. રશિયાએ અત્યાર સુધી પાંચમાંથી ત્રણ સિસ્ટમ મોકલી છે, ત્યારે હવે તેણે બાકીની બે સિસ્ટમ પણ મોકલવાની જાહેરાત કરી છે. ભારતે રશિયા પાસેથી કુલ પાંચ S-400 સિસ્ટમ ખરીદવા માટેની ડીલ કરેલી છે, જોકે રશિયા હજુ સુધી ભારતને માત્ર ત્રણ સિસ્ટમ મોકલી છે. ત્યારે હવે રશિયાએ બાકીના બે સ્ક્વોડ્રન મોકલવાની ફાઈનલ જાહેરાત કરી દીધી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ સિસ્ટમ વિશ્વની સૌથી ભયાનક એર ડિફેન્સ સિસ્ટમ છે. ભારતે આ સિસ્ટમનો ઉપયોગ કરીને ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને ધૂળ ચટાવી હતી. ડિફેન્ડ ડોન્ટ ઈનના રિપોર્ટ મુજબ, રશિયન અધિકારીઓએ કહ્યું છે કે, રશિયા દ્વારા મે અથવા જૂનમાં ભારતને S-400ની ચોથી સિસ્ટમ મોકલવામાં આવશે. ત્યારબાદ નવેમ્બર સુધીમાં પાંચમી અને છેલ્લી સિસ્ટમ ભારતીય વાયુસેનાને સોંપી દેવામાં આવશે. ગત વર્ષે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન ભારત આવ્યા હતા અને અહીં તેમણે દિલ્હીમાં ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લીધો હતો, જેમાં તેમણે S-400 એર ડિફેન્સ સિસ્ટમ ભારતને આપવાનું આશ્વાસન આપ્યું હતું. રશિયાએ અત્યાર સુધીમાં પાંચમાંથી ત્રણ સિસ્ટમ મોકલાવી દીધી છે. રશિયા-યુક્રેન યુદ્ધના કારણે બાકીની બંને ડિફેન્સ સિસ્ટમ મોકલવામાં વિલંબ થયો છે, તેમ છતાં રશિયાએ પહેલેથી જ ત્રણ સિસ્ટમો મોકલી દીધી છે. આ ત્રણેય સિસ્ટમોને ભારતીય વાયુ સેના પાસે છે અને તેને પાકિસ્તાન અને ચીનની સરહદ પાસે તહેનાત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતે રશિયા પાસેથી પાંચ S-400 એર ડિફેન્સ ખરીદવા માટે ઓક્ટોબર-૨૦૧૮માં ૪૦,૦૦૦ કરોડ રૂપિયાની ડીલ કરી હતી. આ એર ડિફેન્સ સિસ્ટમની ખાસિયતની વાત કરીએ તો, પાકિસ્તાન વિરુદ્ધના ભારતના ઓપરેશન સિંદૂરમાં તેની ભયાનક તાકાત જોવા મળી હતી. ૨૦૨૫માં ભારત-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ થયું હતું, ત્યારે ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર' ચલાવ્યું હતું, જેમાં S-400નો ઉપયોગ કરાયો હતો અને આ જ સિસ્ટમે પાકિસ્તાનને ધૂળ ચટાવી દીધી હતી, જેમાં વિશ્વભરને S-400 એર ડિફેન્સ સિસ્ટમની ભયાનક શક્તિ જોઈ લીધી હતી.

## ચાલુ વર્ષે રૂ.૧૯.૪૪ લાખ કરોડની ટેક્સ આવક, કલેક્શનમાં ૯.૪% વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

રિફંડમાં ધીમી ગતિ અને કોર્પોરેટ ટેક્સની ઊંચી આવકને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં નેટ ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૯.૪ ટકા વધીને આશરે રૂપિયા ૧૯.૪૪ લાખ કરોડ થયું છે. ઉલ્લેખનીય છે કે, ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬) માટેના સુધારેલા અંદાજમાં સરકારે તેના ડાયરેક્ટ ટેક્સ કલેક્શનનો લક્ષ્યાંક રૂ. ૨૪.૮૪ લાખ કરોડ રાખ્યો છે.આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે, નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૧૪.૫૧ ટકા વધીને રૂ. ૮.૯૦ લાખ કરોડ થયું છે, જ્યારે વ્યક્તિગત કરદાતાઓ અને હિન્દુ અવિભાજ્ય પરિવારો સહિતના નોન-કોર્પોરેટ ટેક્સની આવક ૫.૯૧ ટકા વધીને આશરે રૂ. ૧૦.૦૩ લાખ કરોડ થઈ છે. ૧ એપ્રિલથી ૧૦ ફેબ્રુઆરીની વચ્ચે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સનું કલેક્શન રૂ. ૫૦,૨૭૯ કરોડ રહ્યું હતું, જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં લગભગ સ્થિર છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧૦ ફેબ્રુઆરી સુધી ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૪.૦૯ ટકા વધીને રૂપિયા ૨૨.૭૮ લાખ કરોડ થયું છે.

# ભારત ક્રૂડની ખરીદી બંધ કરશે તેવું ટ્રમ્પ સિવાય કોઈએ કહ્યું નથી

## ડિસેમ્બર ૨૦૨૫માં પ્રેસિડન્ટ પુતિનની ભારતની સત્તાવાર મુલાકાતે મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના સંબંધોને વધુ સમૃદ્ધ બનાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો,

ભારત રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરશે તેવી અમેરિકાના પ્રેસિડન્ડ ડોનાલ્ડ ટ્રમ્પ સિવાય બીજા કોઈએ જાહેરાત કરી નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે ભારતના બીજા કોઈ નેતાએ આવું કોઈ નિવેદન આપ્યું નથી, એમ રશિયનના વિદેશ પ્રધાન સર્ગેઇ લાવરોવે બુધવારે સંસદમાં જણાવ્યું હતું. અમેરિકા પ્રતિબંધો અને ટેરિફ સહિતના વિવિધ બળજબરીના પગલાં લઈને ભારત અને બીજા દેશોને રશિયન તેલની ખરીદી કરતાં અટકાવવાના પ્રયાસો કરી રહ્યું હોવાના રશિયાના આક્ષેપ પછી લાવરોવે આ નિવેદન આપ્યું હતું. રશિયાની લોકસભા (ડુબા)માં સાંસદોના પ્રશ્નોના જવાબ આપતા લાવરોવે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાથી તેલ ન ખરીદવાના ભારતના કરારની જાહેરાત કરી છે.

મેં વડાપ્રધાન મોદી અને ભારતના બીજા કોઈ નેતાઓ સહિત અન્ય કોઈ પાસેથી આવું નિવેદન સાંભળ્યું નથી.બ્રિક્સ સમીટનો એક ટોચનો મુદ્દા ઊર્જા સુરક્ષા હશે તેવા ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરના નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫માં પ્રેસિડન્ટ પુતિનની ભારતની સત્તાવાર મુલાકાતે મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના સંબંધોને વધુ સમૃદ્ધ બનાવ્યા છે.







# તંત્રી લેખ......

## અમેરિકામાં મંદીના ભણકારાં, રોજગાર વૃદ્ધિ ૧૩ વર્ષના તળીયે

કહેવત છે કે હાથના કર્યા હૈયે વાગ્યા, અત્યારે અમેરિકાના કિસ્સામાં તે એકદમ સાચી પડી રહી છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પના હાથે થયેલા કર્મો હવે અમેરિકન પ્રજાને ફક્ત હૈયે જ નહીં લમણે પણ વાગી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સત્તા પર આવતાની સાથે અપનાવેલી આર્થિક નીતિઓના કારણે અમેરિકન અર્થતંત્રમાં તેમના શાસનના એક વર્ષની અંદર જ મંદીના ભણકારા વાગવા લાગ્યા છે. રોજગાર વૃદ્ધિ દર ૨૦૨૦ના કોવિડના સમયગાળાને બાદ કરતાં ૧૩ વર્ષના તળિયે ૩.૩ ટકાએ પહોંચી ગયો છે. તેની સામે બેરોજગારી દર ૪.૪ ટકાના ઊંચા સ્તરે પહોંચી ગયો છે. અમેરિકાએ ૨૦૨૫ના આખા વર્ષમાં માંડ ૫.૮૪ લાખ જોબ જ પૂરી પાડી હતી, જે દાયકામાં સરેરાશ વાર્ષિક જોબ વૃદ્ધિદર લગભગ ૨૦ લાખના જોબ્સથી ઘણો નીચો આંકડો કહી શકાય. હજી બે વર્ષ પહેલા સુધી દર વર્ષે લગભગ ૨૦ લાખ લોકોનું હાયરિંગ કરવામાં આવતું હતું. તેમાં પણ ૨૦૨૨ માં તો ૪૦ લાખથી પણ વધુ લોકોને હાયર કરવામાં આવ્યા હતા. આ દર્શાવે છે કે ટ્રમ્પનું અમેરિકા હવે રોજગાર સર્જનમાં નહીં બેરોજગાર સર્જનમાં પણ ફર્સ્ટ રહેવાનું છે.આ બતાવે છે કે ગયા વર્ષે જોબ ગ્રોથ તેની ઐતિહાસિક સરેરાશના માંડ ૩૦ ટકા જ હતો. આ આંકડા લેબર માર્કેટમાં હાયરિંગના મોરચે મોટાપાયા પર ઘટાડાનો સંકેત આપે છે. હાલના સંજોગોમાં ૭૫ લાખથી પણ વધુ અમેરિકનો બેકાર હોવાનું મનાય છે. અમેરિકન અર્થતંત્ર હજી સુધી સત્તાવાર રીતે મંદીમાં પ્રવેશ્યું નથી, પરંતુ વર્તમાન સ્થિતિ જોતાં તેના ભણકારા ચોક્કસ વાગવા લાગ્યા છે. આ બતાવે છે કે ટ્રમ્પના બેફામ વલણે અને તેની આર્થિક નીતિઓએ અમેરિકાનો કેવો સોથ વાળ્યો છે. આજે અમેરિકાની ૭૦ ટકા વસ્તી મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ ગઈ છે.આર્થિક નિષ્ણાતોના જણાવ્યા મુજબ આજે અમેરિકામાં લો હાયરિંગ અને લો ફાયરિંગ જેવી સ્થિતિ છે.મોટાભાગના અર્થશાસ્ત્રીઓની માન્યતા છે કે અમેરિકા ૨૦૨૬માં મંદીમાં સરી જાય તેવી સંભાવના ૩૫થી ૪૫ ટકા છે. ટ્રમ્પની નીતિઓના કારણે કામદારોથી લઈને ઉદ્યોગપતિઓનો વર્ગ એટલી હદ સુધી ડરી ગયો છે કે તે અનિશ્ચિતતાના વાતાવરણમાં જ જીવે છે. ટ્રમ્પ કાલે શું કરે તેની કોઈને ખબર નથી. તેથી અમેરિકન કંપનીઓ પોતે જ ટ્રમ્પના શાસનમાં અમેરિકામાં નવું રોકાણ જ કરતી નથી.

### મેન્ડિસ-રત્નાયકે લડખડાયેલી શ્રીલંકન ટીમને ઉગારી

# શ્રીલંકા સતત બીજી મેચ જીત્યું, દાસુન શનાકાએ રોહિત શર્માના રેકોર્ડની બરાબરી કરી

## ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે




(સંપૂર્ણ સમાચાર સેવા)પાલ્લેકેલે,

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં શ્રીલંકાની ટીમે શાનદાર પ્રદર્શન જાળવી રાખી ઓમાનને ૧૦૫ રનથી હરાવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ૧૯ વર્ષ બાદ એવો રેકોર્ડ નોંધાયો છે, જેમાં શ્રીલંકાએ સૌથી મોટા માર્જીન રનથી જીત મેળવી છે. આ ઐતિહાસિક મેચમાં કેપ્ટન દાસુન શનાકાએ વિસ્ફોટક બેટિંગ કરીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે, સાથે જ શનાકાએ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો છે.

પાલ્લેકેલે ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઓમાને ટોસ જીતીને શ્રીલંકાને પ્રથમ બેટિંગ આપી

**શ્રીલંકા તરફથી દુષ્મંતા ચમીરા અને મહીશ તીક્ષણાએ ૨-૨ વિકેટ ઝડપી હતી, જ્યારે વેલાલાગે, હેમંથા અને કામિન્દુ મેન્ડિસને ૧-૧ સફળતા મળી હતી**

હતી. શ્રીલંકાની શરૂઆત નબળી રહી હતી અને ટીમે ૪૨ રનમાં જ કામિલ મિશારા અને પાથુમ નિસાંકાની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ત્યારબાદ કુસલ મેન્ડિસ અને પવન રત્નાયકેએ બાજી સંભાળી હતી અને ત્રીજી વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી નોંધાવી હતી. કુસલ મેન્ડિસે ૪૫ બોલમાં ૬૧ રન અને પવન રત્નાયકેએ ૨૮ બોલમાં ૬૦ રનની આક્રમક ઈનિંગ રમી હતી.

ત્યારબાદ મેદાન પર આવેલા કેપ્ટન દાસુન શનાકાએ તોફાની બેટિંગ કરતા માત્ર ૧૯ બોલમાં પાંચ સિક્સ અને બે ફોર સાથે પોતાની અડધી સદી પૂરી કરી હતી. તેણે મેન્ડિસ સાથે ચોથી વિકેટ માટે ૬૩ રનની ભાગીદારી કરી હતી. શનાકાની આ ઈનિંગના દમ પર શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૨૨૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જે આ વર્લ્ડ કપનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે.

૨૨૬ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓમાનની ટીમ શ્રીલંકાના બોલરો સામે લાચાર દેખાઈ હતી. ઓમાનની ટીમે પાવરપ્લેની પ્રથમ ૬ ઓવરમાં જ ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ટીમ તરફથી એકમાત્ર મોહમ્મદ નદીમે ૫૩ રન બનાવીને સંઘર્ષ કર્યો હતો અને આખી ટીમ ૧૨૦ રન પર સમેટાઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી દુષ્મંતા ચમીરા અને મહીશ તીક્ષણાએ ૨-૨ વિકેટ ઝડપી હતી, જ્યારે વેલાલાગે, હેમંથા અને કામિન્દુ મેન્ડિસને ૧-૧ સફળતા મળી હતી.

કેપ્ટન શનાકાએ માત્ર ૧૯ બોલમાં અડધી સદી ફટકારીને રોહિત શર્માના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી છે. રોહિત શર્માએ ૨૦૨૪ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા સામે ૧૯ બોલમાં અડધી સદી ફટકારી હતી, જે ટી૨૦ વર્લ્ડ કપમાં કોઈ પણ કેપ્ટન દ્વારા ફટકારવામાં આવેલી સૌથી ઝડપી અડધી સદી છે. આ ઉપરાંત, શનાકા હવે શ્રીલંકા માટે ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે.

શ્રીલંકાએ ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં બીજી વખત ૧૦૦થી વધુ રનના અંતરથી મેચ જીતી છે. આ અગાઉ ૨૦૦૭માં કેન્યા સામે શ્રીલંકાએ ૧૭૨ રને જીત મેળવી હતી. નોંધનીય છે કે ભારત અત્યાર સુધી ટી૨૦ વર્લ્ડ કપમાં ક્યારેય ૧૦૦ કે તેથી વધુ રનના અંતરથી જીત્યું નથી.

શ્રીલંકાએ બનાવેલો ૨૨૫ રનનો સ્કોર ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસનો ચોથો સૌથી મોટો સ્કોર છે. આ સાથે જ આ વર્લ્ડ કપમાં દક્ષિણ આફ્રિકાએ કેનેડા સામે બનાવેલા ૨૧૩ રનના રેકોર્ડને તોડીને શ્રીલંકાએ આ વર્ષનો સર્વોચ્ચ સ્કોર પોતાના નામે કર્યો છે. ટી૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ૨૬૦ રન બનાવવાનો રેકોર્ડ પણ શ્રીલંકાના નામે જ છે.

### એર ઈન્ડિયાની પીડિતોને ઓફર

# અમદાવાદ પ્લેન ક્રેશ : હવે વધારાના દસેક લાખ લો અને કેસ પતાવો

## એર ઈન્ડિયાએ પીડિત પરિવારો સામે વધારાના વળતર માટે એક એવી શરત મૂકી છે જેના કારણે વિવાદ પેદા થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટના ભયાનક અકસ્માત બાદ હવે વળતર અને કાયદાકીય લડાઈ તેજ બની છે. બ્રિટિશ અખબાર ધ ઈન્ડિપેન્ડન્ટના અહેવાલ મુજબ, એર ઈન્ડિયાએ પીડિત પરિવારો સામે વધારાના વળતર માટે એક એવી શરત મૂકી છે જેના કારણે વિવાદ પેદા થઇ ગયો છે.

એર ઈન્ડિયાએ અકસ્માતમાં જાન ગુમાવનારાઓના પરિવારોને વધારાના વળતર તરીકે ૧૦ લાખથી ૨૦ લાખ રૂપિયા સુધીની રકમ આપવાની તૈયારી દર્શાવી છે. જોકે, આ રકમ મેળવવા માટે પરિવારોએ કેટલીક શરતો માનવી પડશે.

- પરિવારોએ લેખિતમાં આપવું પડશે કે તેઓ ભવિષ્યમાં આ અકસ્માત બાબતે કંપની પર કોઈ કેસ નહીં કરે.
- કંપનીને તમામ પ્રકારની કાયદાકીય જવાબદારીઓમાંથી મુક્ત કરવી પડશે.
- આ સમજૂતી કોઈપણ દેશની કોર્ટમાં પડકારી શકાશે નહીં.

જો કે તમામ શરતોનો લીગલ ટીમ અને પરિવારોનો વિરોધ વ્યક્ત કર્યો છે. આ પ્રસ્તાવનો ૧૩૦ પીડિત પરિવારોની લીગલ ટીમે સખત વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે, હજુ અકસ્માતની તપાસ પૂરી થઈ નથી અને જવાબદારી નક્કી થઈ નથી.

અનેક ઘાયલોની સારવાર હજુ પણ ચાલુ છે, ત્યારે કેસ કરવાનો અધિકાર છીનવી લેવો અયોગ્ય છે. જો કે આ મામલે એર ઈન્ડિયા કંપનીના પ્રવક્તાએ જણાવ્યું કે, તેઓ પરિવારોને મદદ કરવા પ્રતિબદ્ધ છે અને આ અંતિમ રકમ કાયદા મુજબ જ ઓફર કરવામાં આવી રહી છે.

આ મામલે સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી ચાલી રહી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ સમક્ષ મહત્વના મુદ્દાઓ સામે આવ્યા છે. AAIB તપાસ અંગે કેન્દ્ર સરકારે જણાવ્યું કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બોર્ડ (AAIB)ની તપાસ અંતિમ તબક્કામાં છે. કોર્ટે ૩ અઠવાડિયામાં આ તપાસનો રિપોર્ટ માંગ્યો છે. બીજી તરફ NGO સેફ્ટી મેટર્સ વતી વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી કે, ૮ હજારથી વધુ પાઈલટ્સ માને છે કે બોઈંગ ૭૮૭ વિમાન સુરક્ષિત નથી. તેમણે AAIB ને બદલે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની માંગ કરી છે.

સરકારી વકીલે જો કે સમગ્ર મામલે કોર્ટમાં દલીલ આપતા કહ્યું કે, તપાસ નિષ્પક્ષ રીતે ચાલી રહી છે. સરકાર તરફથી હાજર સોલિસિટર તુષાર મહેતાએ તમામ બાબતે કોર્ટને બાંહેધરી આપી હતી.

સુપ્રીમ કોર્ટ હવે ૩ અઠવાડિયા પછી આ કેસની વધુ સુનાવણી કરશે. કોર્ટ નક્કી કરશે કે AAIB નો રિપોર્ટ પૂરતો છે કે પછી આટલા મોટા અકસ્માત માટે નવેસરથી તપાસ સમિતિ રચવાની જરૂર છે. જો કે હાલ તો તમામ બાબતો AAIB ના અહેવાલ પર ટકેલી છે. આ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

### સરકાર સામે સૂત્રોચ્ચાર

# અમરેલીમાં પડતર માંગણીઓ સાથે આંગણવાડી કાર્યકરોનો દેખાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી,

અમરેલી જિલ્લામાં આજે (૧૨મી ફેબ્રુઆરી) આંગણવાડી વર્કર્સ અને હેલ્પરોએ પોતાની પડતર માંગણીઓ અને વિવિધ પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો હતો. અમરેલી અને બગસરા સહિતના વિસ્તારોમાં મોટી સંખ્યામાં આંગણવાડીની મહિલાઓએ એકઠા થઈને દેખાવો કર્યો હતો.

રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનના આહ્વાન પર ૧૨મી ફેબ્રુઆરીના રોજ આંગણવાડી વર્કરોએ વિવિધ માંગણીઓ સંદર્ભે બાળ વિકાસ યોજના અધિકારી ને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલા કાર્યકરોએ હાજર રહીને સરકાર સામે પોતાની હક્કની લડાઈ તેજ કરી હતી.

આંગણવાડીની બહેનોએ આવેદનપત્રમાં રજૂઆત કરી છે કે, નવી ટેકનિકલ એપ્લિકેશન દ્વારા કામમાં વધારો થતા મહિલાઓ પર કામનું ભારણ વધ્યું છે.

નવી સિસ્ટમના કારણે આંગણવાડી વર્કરોની માનસિક સ્થિતિ પર અસર પડી રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે. વર્ષોથી લટકતી માંગણીઓ ન સંતોષાતા બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જ્યાં સુધી તેમની વ્યાજબી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી આંગણવાડી વર્કર્સ અને હેલ્પર્સે કામથી અળગા રહેવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે.આંગણવાડી વર્કર્સે સૂત્રોચ્ચાર કરી પોતાની એકતા બતાવી હતી અને સરકાર વહેલી તકે કોઈ હકારાત્મક નિર્ણય લે તેવી આશા વ્યક્ત કરી હતી.

## સુરતમાં BRTS અને સીટી બસ સેવામાં ટ્રાન્સપોર્ટ ચેરમેને સરપ્રાઈઝ ચેકિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત મહાનગરપાલિકા દ્વારા ચાલતી BRTS અને સીટી બસ સેવામાં સુધારો લાવવા અને શિસ્ત જાળવવા માટે ટ્રાન્સપોર્ટ ચેરમેન સોમનાથ મરાઠેએ આજે સવારથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે શહેરના વિવિધ રૂટ પર દોડતી બસોમાં કોઈ પણ આગોતરી જાણ વગર 'સરપ્રાઈઝ ચેકિંગ' હાથ ધરીને કર્મચારીઓમાં ફફડાટ ફેલાવી દીધો હતો.

ચેકિંગ દરમિયાન સોમનાથ મરાઠેએ બસમાં ચઢીને મુસાફરો પાસે રહેલી ટિકિટોની તપાસ કરી હતી. આ ઉપરાંત, તેમણે બસના ડ્રાઈવર અને કંડક્ટર પાસે તેમના સત્તાવાર આઈડેન્ટિટી કાર્ડ (આઈકાર્ડ) માંગ્યા હતા. શિસ્તના ભંગ બદલ તેમણે સ્થળ પર જ નીચે મુજબની કાર્યવાહી કરી હતી.એક બસમાં કંડક્ટર નિયત યુનિફોર્મ વગર ફરજ બજાવતો મળી આવતા તેને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. અન્ય એક કંડક્ટર પાસે આઈડી કાર્ડ કે જરૂરી પુરાવા ન મળતા તેને તાત્કાલિક અસરથી ૭ દિવસ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ અપાયો હતો.ચેકિંગ દરમિયાન ટિકિટ ચેકરની કામગીરીમાં પણ ઘોર બેદરકારી જણાઈ આવતા, તેને પણ ૭ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. ટ્રાન્સપોર્ટ ચેરમેને સ્પષ્ટ કર્યું હતું કે મુસાફરોની સુવિધામાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. બસના સ્ટાફે યુનિફોર્મ અને આઈકાર્ડ સાથે ફરજ બજાવવી અનિવાર્ય છે. આગામી સમયમાં પણ આ પ્રકારની ચેકિંગ ડ્રાઈવ ચાલુ રહેશે અને જો કોઈ ગેરરીતિ કે બેદરકારી જણાશે તો વધુ કડક પગલાં લેવામાં આવશે.

## ઈસ્કોન મંદિર પાસે વ્હીલચેર વેરહાઉસમાં આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદમાં ઈસ્કોન મંદિર પાસે આવેલા વ્હીલચેર વેરહાઉસમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા ઊડ્યાં હતા ત્યારબાદ ફાયર વિભાગની ૮ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. આગ ફેબ્રિકેશનના કારણે લાગી હોવાનો અંદાજ છે. છેલ્લા પાંચ વર્ષથી અહીં વ્હીલચેર રાખવામાં આવી રહી છે.

જોકે આ સમગ્ર ઘટના ક્રમમા કોઈને ઈજા થઈ નથી. ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. ૪૦ લોકોએ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આ જગ્યા પર વ્હીલચેર બનાવવા માટે ફેબ્રિકેશનનું કામ ચાલી રહ્યું હતું. પ્રારંભિક તપાસમાં એવું જણાય છે કે આગ ફેબ્રિકેશનના કારણે લાગી હશે.

વધુ પડતા ધુમાડાને કારણે વેન્ટિલેશનનું કામ કરવામાં આવ્યું હતું.

આ પહેલા અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલા ફ્લિપકાર્ટના વેરહાઉસ માં અચાનક ભયાનક આગ લાગવાની ઘટના બની હતી.ચાંદખેડા ગામ નજીક આવેલ આ વેરહાઉસ (warehouse)માંથી ઊંડા કાળા ધુમાડાના ગોટા ઉડતા જોવા મળ્યા હતા, જેના કારણે આસપાસના વિસ્તારોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જ્યો હતો.આગની જાણ થતાં જ અમદાવાદ મ્યુનિસિપલ ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

ફાયર ટીમે તરત જ આગ ને કાબૂમાં લાવવાના સતત પ્રયાસો શરૂ કર્યા હતા. ફાયર વિભાગના અધિકારીઓ અનુસાર, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. અધિકારીઓએ શોર્ટ સર્કિટ, ઈલેક્ટ્રિકલ ફોલ્ટ કે અન્ય કોઈ કારણ હોવાની શક્યતા વ્યક્ત કરી હતી.

### સમાજના એક વર્ગને બદનામ ના કરશો : સુપ્રીમ

# ઘૂસખોર પંડત ફિલ્મના મેકર્સ ઉપર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

## કોર્ટે નોટિસ જારી કરીને નિર્માતાઓને પૂછ્યું છે કે જો તમે નામ બદલવા તૈયાર છો, તો તે નવું નામ શું હશે? તે અમને જણાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેટફ્લિક્સ અને જાણીતા ફિલ્મમેકર નીરજ પાંડેની આગામી ઘૂસખોર પંડત ફિલ્મના શીર્ષક સામે સખત નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું છે કે, આ ફિલ્મને નવું નામ આપવા માટે તેમનો શું પ્રસ્તાવ છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, ઘણીવાર વિવાદ પેદા કરવા અને પબ્લિસિટી મેળવવા માટે આવા નામ પસંદ કરવામાં આવે છે.

કોર્ટે મેકર્સની ઝાટકણી કાઢતા ટિપ્પણી કરી કે, તમારા પીઆર માટેના તિકડમ માટે થઈને "સમાજમાં તિરાડ ન વધારો". સુનાવણી દરમિયાન જસ્ટિસ બી.વી. નાગરત્નાએ નિર્માતાઓને આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતા કહ્યું કે, કોઈપણ વર્ગને અપમાનિત કરવો ખોટો છે. સમાજમાં પહેલેથી જ ઘણી તિરાડો છે, તેને પ્રોત્સાહન આપશો નહીં. કોર્ટે નોટિસ જારી કરીને નિર્માતાઓને પૂછ્યું છે કે જો તમે નામ બદલવા તૈયાર છો, તો તે નવું નામ શું હશે? તે અમને જણાવો. કોર્ટે એ પણ સ્પષ્ટ કરવા કહ્યું છે કે શું ફિલ્મમાં કોઈ ચોક્કસ વર્ગ વિશે કોઈ વાંધાજનક બાબતો છે કે નહીં?

આ અગાઉ દિલ્હી હાઈકોર્ટમાં આ મામલે સુનાવણી થઈ હતી. ત્યારે નેટફ્લિક્સે ખાતરી આપી હતી કે, તેઓ ફિલ્મનું ટાઈટલ બદલવા તૈયાર છે.

સોશિયલ મીડિયા પરથી આ ફિલ્મનું તમામ પ્રમોશનલ મટીરિયલ હટાવી લેવામાં આવ્યું છે. આ ખાતરી બાદ હાઈકોર્ટે અરજીનો નિકાલ કર્યો હતો, પરંતુ હવે સુપ્રીમ કોર્ટે આ બાબતને ગંભીરતાથી લઈને વિગતવાર ખુલાસો માંગ્યો છે.

અરજદારે કોર્ટમાં દલીલ કરી હતી કે ઘૂસખોર પંડત ટાઈટલ હિન્દુ પૂજારીઓ અને એક ખાસ સમુદાયની છબીને નુકસાન પહોંચાડે છે. આ નામ સામાજિક અને સાંપ્રદાયિક રીતે ઉશ્કેરણીજનક હોઈ શકે છે. આથી ફિલ્મની રિલીઝ અને સ્ટ્રીમિંગ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે નિર્માતાઓને થોડા જ કલાકોમાં જવાબ આપવા દબાણ કર્યું હતું. આ મામલે હવે પછીની વધુ સુનાવણી ૧૯ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે.

રિપોર્ટ્સ મુજબ, આ ફિલ્મમાં રવિ કિશન અથવા જિમી શેરગિલ જેવા કલાકારો મહત્વની ભૂમિકામાં હોવાની ચર્ચા છે (સત્તાવાર રીતે કાસ્ટ લિસ્ટ ટાઈટલ વિવાદને કારણે અત્યારે ગુપ્ત રાખવામાં આવ્યું છે). નીરજ પાંડેની ફિલ્મોમાં સામાન્ય રીતે અનુપમ ખેર અથવા કેકે મેનન જેવા કલાકારો જોવા મળતા હોય છે, પરંતુ આ પ્રોજેક્ટ માટે નવી સ્ટારકાસ્ટ પર ભાર મૂકવામાં આવ્યો છે.

આ ફિલ્મ ભ્રષ્ટાચાર અને વ્યવસ્થાની ખામીઓ પર આધારિત એક ડાર્ક ક્રાઈમ ડ્રામા અથવા સેટાયર (વ્યંગ) હોવાનું મનાય છે. ઘૂસખોર પંડત નામ પરથી જણાય છે કે વાર્તા કોઈ એવા પાત્રની આસપાસ ફરે છે જે કોઈ સરકારી કે સામાજિક હોદ્દા પર રહીને લાંચ-રુશ્વત (ઘૂસખોરી) માં સંડોવાયેલું હોય. અરજદારોના મતે, ફિલ્મમાં એક ચોક્કસ સમુદાયના પાત્રને નકારાત્મક રીતે રજૂ કરીને પંડિત શબ્દ સાથે ઘૂસખોર જોડીને સામાજિક છબી ખરાબ કરવાનો પ્રયાસ થયો છે.

## શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી લાખોની ખંડણી વસૂલતી ગેંગ ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ,

ગીર સોમનાથ જિલ્લાના આંકોલવાડી વિસ્તારમાં એક શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી તેમનો નગ્ન વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરવાની અત્યંત ગંભીર ઘટના સામે આવી છે. જોકે, શિક્ષકની હિંમત અને તાલાલા પોલીસની સક્રિયતાને કારણે ખંડણીખોર ગેંગના ચાર સભ્યો હવે જેલના સળિયા પાછળ ધકેલાયા છે.

ભોગ બનનાર શિક્ષકના જણાવ્યા મુજબ, આરોપીઓએ તેમને જાળમાં ફસાવી કોઈ નશીલો પદાર્થ પીવડાવી દીધો હતો. ત્યારબાદ શિક્ષકની શારીરિક સ્થિતિનો લાભ ઉઠાવી તેમનો નગ્ન વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ ન કરવાના બદલામાં આરોપીઓએ ૭ લાખ રૂપિયાની મોટી રકમની ખંડણી માંગી હતી.

આ કેસમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આરોપીઓ પોતાની ઓળખ 'પ્રેસ રિપોર્ટર' તરીકે આપી બ્લેકમેઈલ કરતા હતા. તેમણે શિક્ષકને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અંતે ભીંસ વધતા ૨.૫ લાખ રૂપિયામાં સોદો નક્કી થયો હતો, જેમાંથી ૫૦ હજાર રૂપિયાનો પ્રથમ હપ્તો આરોપીઓએ વસૂલ પણ કરી લીધો હતો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# AAPની કામની રાજનીતિથી પ્રેરાઈને સામાજિક અને રાજકીય આગેવાનો પાર્ટીમાં જોડાયા




અમદાવાદ,

આજે સુરત ખાતે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં ખૂબ જ મોટી સંખ્યામાં સામાજિક અને રાજકીય આગેવાનો ટોપી અને ખેસ પહેરીને વિધિવત આમ આદમી પાર્ટીમાં જોડાયા. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની સાથે સાથે શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી અને પ્રદેશ સંગઠન મંત્રી રામ ધડુક સહિત આમ આદમી પાર્ટીના આગેવાનોની ઉપસ્થિતિમાં આ તમામ આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ મહત્વપૂર્ણ અવસર પર આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી સામાન્ય લોકો માટે એક વિકલ્પ અને આશાનું કિરણ લઈને ઉભરી છે. બીજી બાજુ ભાજપનું એકચક્રી શાસન છે, ભાજપે તમામ સંસ્થાઓને ગુલામ બનાવી અને તમામ ચૂંટણીમાં ગડબડ કરીને સત્તા ટકાવી રાખી છે. એની સામે આજે કેટલાક મુઠ્ઠીભર લોકો આ તાનાશાહી સામે લડી રહ્યા છે અને આજે આમ આદમી પાર્ટી ગુજરાતના લોકોની પહેલી પસંદ બની છે. મને જણાવતા ખુશી થાય છે કે પોતાનો રાજકીય અનુભવ લઈને આજે ઘણા આગેવાનો ગુજરાતના યુવાનોને માર્ગદર્શન પૂરું પાડવા તથા ભાજપની સામે લડવા માટે આમ આદમી પાર્ટીમાં જોડાતા હોય તો એ આમ આદમી પાર્ટી માટે ખૂબ જ ગર્વ કરવાની બાબત હોય છે. અમારા માટે ખાસ ગર્વની વાત એ છે કે આજે ફિરોઝભાઈ મલેક જેઓ સુરતના જાણીતા સામાજિક કાર્યકર છે, તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. એમના એકતા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળમાં સુરત શહેરની જે સેવા કરવામાં આવી એને આપણે સૌ જાણીએ છીએ. ફિરોઝભાઈ મલેક કોંગ્રેસમાં વર્ષોથી પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે, વિદ્યાર્થીકાળથી તેઓ કોંગ્રેસના અનેક અલગ અલગ પદો પર રહી ચૂક્યા છે અને પ્રદેશમાં પણ પોતાની સેવા આપી ચૂક્યા છે. અને આજે કોંગ્રેસની કંઈ પણ કામ ન કરવાની નીતિથી નારાજ થઈને ફિરોઝભાઈ મલેક આમ આદમી પાર્ટીને માર્ગદર્શન આપવા અને નેતૃત્વ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. વધુમાં, પ્રદેશ નેતા મનોજ સોરઠીયા જણાવ્યું હતું કે, આ સિવાય દલિત સમાજના મોટા આગેવાન કિરીટભાઈ વાઘેલા આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. તેઓ પણ કોંગ્રેસમાં અલગ અલગ પદો પર ખૂબ સારી સેવા આપી છે, આજે પણ તેઓ કર્મચારીઓના અધિકારો માટે સતત લડત લડતા હોય છે. આ સિવાય મજબૂતીથી અવાજ ઉઠાવનાર અને સામાજિક કાર્યકર્તા તથા કોંગ્રેસમાં ૩૫ વર્ષથી વધારે સમયથી સેવા આપનાર સલીમભાઈ ઘડિયાલી પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસના અલગ અલગ પદો પર સેવા આપનાર સાજીદ ભાઈ જમાદાર પણ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. સાથે સાથે ઓબીસી સમાજના મોટા નેતા, કોંગ્રેસમાં મોટા હોદ્દા ઉપર જવાબદારી તથા સુરત કોંગ્રેસ પ્રવક્તા કલ્પેશભાઈ બારોટ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. સામાજિક કાર્યકર સાજીદભાઈ શાહ પણ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસના ઉપપ્રમુખ અને બીજા અનેક મુદ્દાઓ પર જવાબદારી નિભાવનાર આરીફભાઈ શાહ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આ સિવાય કોંગ્રેસમાં મહિલા મોરચાના અનેક પદો પર જવાબદારી નિભાવનાર તથા મહારાષ્ટ્રીયન દલિત સમાજના મીરાબેન બાવીસકર આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. યુવા કોંગ્રેસના પદાધિકારી તરીકે ફરજ નિભાવનાર અનસભાઈ મલિક આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. કોંગ્રેસના આગેવાન મીરલભાઈ નકસીઘરા આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. સિવાય કોંગ્રેસના મહામંત્રી અને સામાજિક કાર્યકર્તા તરીકે સેવા આપનાર સમીરભાઈ શેખ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ તમામ આગેવાનોને ટોપી અને ખેસ પહેરાવીને વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડ્યા હતા અને ત્યારબાદ પ્રદેશ નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, સુરત શહેરમાં કોંગ્રેસના નિષ્ઠાવાન આગેવાનો અને કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે, આ તમામ આગેવાનો અને કાર્યકર્તાઓનું હું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કરું છું. હું બાહેંધરી કરી આપું છું કે આ લડાઈ લોકોની લડાઈ છે એમાં તમામ લોકો સાથે મળીને ખભેથી ખભો મિલાવીને સ્થાનિક સ્વરાજની મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સરકાર બને અને સુરતના લોકો ઝંખતા હોય એવું નવું સુરત બનાવવાનું કામ અમે કરીશું. ભાજપે સુરતમાં જો કોઈ કામ કર્યું હોય તો લોકોને લૂંટવાનું કામ કર્યું છે. બ્રિજ બનાવવા જેવા અનેક સરકારી કામો અને યોજનાઓમાં ખુલ્લેઆમ આપણે ભ્રષ્ટાચાર જોઈ રહ્યા છીએ. સુરતમાં ગલી ગલીએ દારૂ અને ડ્રગ્સના અડ્ડાઓ ચાલે છે. સુરતમાં બાપ બેટાની જે સરકાર ચાલે છે, તેમાં બાપા નેતા હોય અને દીકરાઓ લૂંટવાનું કામ કરતા હોય, એની સામે અમે તમામ લોકો સાથે મળીને લડીશું અને આવનારી ચૂંટણીઓમાં ખૂબ જ સારા પરિણામો આવશે એવી મને આશા છે.

## T20 વર્લ્ડકપમાં પાકિસ્તાનની ટીમનો નવો વિવાદ!

# બોલર ઉસ્માન તારિક પર લાગ્યા ગંભીર આરોપ

### ઉસ્માન તારિક પોતાની અનોખી સ્ટોપ એન્ડ પોઝ સાઈડ-આર્મ એક્શનના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

પાકિસ્તાનનો ઓફ સ્પિનર ઉસ્માન તારિક પોતાની અનોખી સ્ટોપ એન્ડ પોઝ સાઈડ-આર્મ એક્શનના કારણે ક્રિકેટ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભારતના દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિને પણ તેની બોલિંગ એક્શનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું છે. તારિકે અત્યાર સુધીમાં ૪૨ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૧ વિકેટ ઝડપી છે.

પ્રોફેશનલ T20 કરિયરમાં તેણે ૪૨ મેચોમાં ૭૦ વિકેટ ખેરવી છે, જે એક શાનદાર રેકોર્ડ છે. તે કોલંબોના ધીમા પ્રેમદાસા ટ્રેક પર આક્રમક ભારતીય બેટ્સમેન સામે મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

પાકિસ્તાન તેનો વધુ ઉપયોગ કરી રહ્યું છે પરંતુ મિલિંદ કુમાર જેવા અમેરિકન બેટ્સમેન તેના બોલ સામે અસ્વસ્થતા અનુભવતા હતા. તારિક પોતાની અનોખી એક્શન અને લયમાં કોઈ સ્પષ્ટ ફેરફાર કર્યા વિના ગતિમાં ફેરફાર સાથે સતત અસરકારક રહ્યો. રવિવારે કોલંબોમાં ભારત-પાકિસ્તાન મેચ પહેલા તારિક ક્રિકેટ જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસને બોલિંગ કરતી વખતે તેના રોકાવાના (પોઝ)ને ગેરકાયદેસર ગણાવ્યો છે, જ્યારે અશ્વિનનો મત અલગ છે. અશ્વિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, હું સૌથી પહેલા સ્પષ્ટતા કરું છું. તેના એક્શનની કાયદેસરતાની તપાસ માત્ર ICCના બોલિંગ એક્શન ટેસ્ટિંગ સેન્ટરમાં જ થઈ શકે છે.

તેણે આગળ લખ્યું કે, ૧૫ ડિગ્રીનો નિયમ છે જેના હેઠળ બોલરોને પોતાની કોણીને નિર્ધારિત મર્યાદાથી વધુ સીધી ન કરવી જોઈએ.

મેદાન પરના અમ્પાયર માટે બોલર ૧૫ ડિગ્રીની અંદર બોલિંગ કરી રહ્યો છે કે નહીં તે નક્કી કરવું લગભગ અશક્ય છે. તેનો ઉકેલ રીયલ-ટાઈમ ટેસ્ટિંગ ટૂલ છે. આ એક ગ્રે એરિયા છે અને કોઈને તેનો ફાયદો ઉઠાવવા માટે દોષ આપવો ખોટું છે.

જોકે, અશ્વિન તેને ગેરકાયદેસર નથી માનતો કે કોઈ તેનો ફાયદો ઉઠાવી રહ્યું છે. કેટલાક લોકોનું માનવું છે કે, તારિક બોલિંગ એક બેટ્સમેનના ટ્રિગર મૂવમેન્ટ પૂર્ણ કરવા અને શોટ માટે અંતિમ સ્થાન પર પહોંચવાની રાહ જુએ છે અને પછી દ બોલ ફેંકે છે, પરંતુ અશ્વિનના મતે તે સંપૂર્ણપણે કાયદેસર છે. અશ્વિને કહ્યું કે, જો ક્રીઝ પર પોઝ ની વાત છે તો મારું માનવું છે કે તે સંપૂર્ણપણે કાયદેસર છે, કારણ કે તે તેની નિયમિત એક્શન છે.

દક્ષિણ આફ્રિકાની ટીમના પૂર્વ પ્રદર્શન વિશ્લેષક પ્રસન્ના અઘોરમે પણ કહ્યું કે, તારિક ચકિંગ નથી કરી રહ્યો. તેણે ઈમરાન તાહિર જેવા ટોચના સ્પિનરો સાથે કામ કર્યું છે. તેણે ઠ પર લખ્યું કે, ટેકનિકલી તારિક ચકિંગ નથી કરી રહ્યો. તેની એક્શનને પહેલા જ બે વાર લીલ ઝંડી મળી ચૂકી છે. જો તેને ફરીથી બોલાવવામાં આવે છે તો તેની એક્શન સાચી નીકળશે. આશા છે કે, આ ખાસ પ્રતિભા વિશે સ્વસ્થ ચર્ચા થશે.

પૂર્વ ભારતીય ઓપનર અને કોમેન્ટેટર આકાશ ચોપરાએ પણ બોલરના રોકાવા પર સવાલ ન ઉઠાવ્યો, પરંતુ એક ટેકનિકલ સવાલ ચોક્કસ પૂછ્યો છે. તેમણે લખ્યું કે, મને લાગે છે કે પોઝ બિલકુલ ઠીક છે, પરંતુ મારો એક સવાલ છે કે, જો રન-અપ થી કોઈ મોમેન્ટ નથી બની રહ્યો તો શું હાથ ફેરવ્યા વિના કેટલાક બોલ પર ૨૦-૨૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ગતિ વધારવી શક્ય છે?

# તૂર્કિયેની સંસદમાં સાંસદો વચ્ચે છૂટ્ટા હાથની મારામારી

(સંપૂર્ણ સમાચાર સેવા)તૂર્કિયે,

તૂર્કિયેની સંસદમાં બુધવાર, ૧૧ ફેબ્રુઆરીના રોજ ભારે હોબાળો મચી ગયો. જ્યારે કેબિનેટ ફેરબદલ દરમિયાન ન્યાય મંત્રાલયમાં એક વિવાદાસ્પદ ચહેરાની નિમણૂક અંગે સત્તાધારી પક્ષ અને વિપક્ષના સાંસદો સામસામે આવી ગયા. અહીં માનનીય સાંસદોએ પોતાની ગરીમાને લજવે તેવું કૃત્ય કર્યું હતું. સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયેલા વીડિયોમાં બંને પક્ષના સાંસદો એકબીજા પર મુક્કા અને લાતોનો વરસાદ કર્યો હતો. નોંધનીય બાબત એ હતી કે આ હિંસામાં માત્ર થોડા સાંસદો નહીં, પરંતુ ડઝનબંધ સાંસદોનું ટોળું સામેલ હતું. વિપક્ષી સાંસદોએ ઈસ્તંબુલના મુખ્ય પ્રોસિક્યુટર (મુખ્ય અભિયોજક) અકિન ગુરલેકને સંસદમાં નવા ન્યાય મંત્રી તરીકે શપથ લેતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. અકિન ગુરલેકને તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન દ્વારા નવા ન્યાય મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ બાબતે ગુસ્સો વધતો ગયો અને વાત હિંસા સુધી પહોંચી ગઈ. સાંસદો એકબીજાને ધક્કા મારતા અને મુક્કાબાજી કરતા જોવા મળ્યા હતા. ઈસ્તંબુલના ચીફ પ્રોસિક્યુટર તરીકે ગુરલેકે મુખ્ય વિરોધ પક્ષ, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના અનેક સભ્યો વિરુદ્ધ હાઈ-પ્રોફાઈલ ટ્રાયલ (કેસ)ની અધ્યક્ષતા કરી હતી. તૂર્કિયેના વિપક્ષ દ્વારા આ ટ્રાયલ્સને રાજનીતિ પ્રેરિત ગણાવવામાં આવે છે. હવે એ જ અકિન ગુરલેક ન્યાય મંત્રી તરીકે શપથ લઈ રહ્યા હતા, જેના કારણે વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. રાષ્ટ્રપતિ એર્દોગને પૂર્વી પ્રાંત એર્ઝુરમના ગવર્નર મુસ્તફા સિફ્ટસીને આંતરિક મંત્રી તરીકે પણ નિમણૂક કરી છે. ઉલ્લેખનીય છે કે વિપક્ષી પાર્ટી, રિપબ્લિકન પીપલ્સ પાર્ટીના નિયંત્રણ હેઠળની નગરપાલિકાઓના સેંકડો અધિકારીઓની ભ્રષ્ટાચારની તપાસમાં ધરપકડ કરવામાં આવી છે. તેમાં ઈસ્તંબુલના મેયર એકરેમ ઈમામોગ્લુ પણ સામેલ હતા. જેમને એર્દોગનના મુખ્ય હરીફ તરીકે જોવામાં આવે છે અને તેમની ગયા વર્ષે ધરપકડ કરવામાં આવી હતી. જોકે, સરકારનું કહેવું છે કે ન્યાયતંત્ર સ્વતંત્ર રીતે કામ કરે છે. મંત્રાલયમાં અત્યારે ફેરફાર કેમ કરવામાં આવી રહ્યા છે, તેનું કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું નથી. જોકે, સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર ગેઝેટમાં જણાવવામાં આવ્યું હતું કે, વર્તમાન મંત્રીઓએ તેમની ફરજોમાંથી "મુક્ત થવાની વિનંતી" કરી હતી. તૂર્કિયેમાં આ નવી અને વિવાદાસ્પદ નિમણૂકો એવા સમયે થઈ છે જ્યારે દેશ સંભવિત બંધારણીય સુધારાઓ પર ચર્ચા કરી રહ્યો છે અને દાયકાઓ જૂના સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી કુર્દિસ્થાન વર્કર્સ પાર્ટી (PKK) સાથે શાંતિ પહેલ કરી રહ્યો છે.

# ઈટાલીએ ICC T20 વર્લ્ડ કપ પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ઈટાલીએ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો છે. ઈટાલી પહેલીવાર ICC ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યું છે. આ ઈટાલી માટે ઐતિહાસિક જીત છે. ઈટાલી ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચમાં સ્કોટલેન્ડ સામે હારી ગયું હતું. મોસ્કા બ્રધર્સે નેપાળ સામે ઈટાલીની જીતમાં શાનદાર ભૂમિકા ભજવી હતી. ઈટાલી અને નેપાળ વચ્ચેની આ મેચ મુંબઈના વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી.

મેચમાં ઈટાલીએ ટોસ જીતીને નેપાળને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું. પ્રથમ બેટિંગ કરતા, નેપાળ ૧૯.૩ ઓવરમાં ૧૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગયું. જવાબમાં, ઈટાલીએ ધમાકેદાર પ્રદર્શન કરીને માત્ર ૧૨.૪ ઓવરમાં ૧૨૪ રન બનાવીને મેચ જીતી લીધી.

લક્ષ્યનો પીછો કરતા મોસ્કા બ્રધર્સે ઈટાલી માટે શાનદાર શરૂઆત કરી. સાથે મળીને તેઓએ પાવર પ્લેના પહેલા ચાર ઓવરમાં ટીમનો સ્કોર ૫૦ સુધી પહોંચાડ્યો. પાવર પ્લે સમાપ્ત થયા પછી તેઓએ બુદ્ધિપૂર્વક બેટિંગ કરી અને વિકેટ જાળવી રાખી.

આમ, મોસ્કા બ્રધર્સે ધીમે ધીમે ઈટાલીને વિજયની નજીક પહોંચાડ્યું. ઈટાલી માટે જસ્ટિન મોસ્કાએ ૪૪ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે અણનમ ૬૦ રન બનાવ્યા. ભાઈ, એન્થોની મોસ્કાએ પણ ૩૨ બોલમાં છ છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૬૨ રનનું યોગદાન આપ્યું.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પોતાની પહેલી મેચમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર પ્રદર્શન કરનાર નેપાળ, ઈટાલી સામે ખરાબ રીતે નિષ્ફળ ગઈ. ખાસ કરીને મધ્યમ ક્રમ સૌથી મોટી નિરાશા હતી.

# ICCએ મોહમ્મદ નબીને તેની એક ભૂલની સજા ફટકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ,

ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં અફઘાનિસ્તાનને હારનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ D મેચ ડબલ સુપર ઓવરમાં ગઈ, જેમાં આફ્રિકન ટીમનો વિજય થયો. આ હારે અફઘાન ટીમને T20 વર્લ્ડ કપ ગ્રુપ સ્ટેજમાંથી બહાર થવાને આરે લાવી દીધી છે.

અફઘાનિસ્તાને હવે તેની બાકીની બંને ગ્રુપ મેચ જીતવી પડશે અને આ ગ્રુપની અન્ય મેચોના પરિણામો પણ તેના પક્ષમાં આવશે તો જ ફાયદો થશે. દક્ષિણ આફ્રિકા સામેની હાર બાદ ICCએ પૂર્વ અફઘાન કેપ્ટન અને અનુભવી ઓલરાઉન્ડર મોહમ્મદ નબી સામે કાર્યવાહી કરી છે.

ICCએ મોહમ્મદ નબીને મેચ રેફરીની સૂચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ ભારે દંડ ફટકાર્યો છે. આ ઘટના અફઘાનિસ્તાનની ઈનિંગની ૧૪મી ઓવરની શરૂઆતમાં બની હતી. દક્ષિણ આફ્રિકાના બોલર લુંગી ન્ગીડી દ્વારા પહેરવામાં આવેલા કાંડા પરના પટ્ટાને લઈને નબી અને મેદાન પરના અમ્પાયરો વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. અમ્પાયરની સૂચનાઓને અવગણવી અને દલીલને લંબાવવી એ ઝઝ નિયમોનું ઉલ્લંઘન માનવામાં આવે છે.

બુધવારે અમદાવાદમાં રમાયેલી ગ્રુપ-ડી મેચ દરમિયાન ICCએ મોહમ્મદ નબીને લેવલ-૧ના ગુના માટે દોષિત ઠેરવ્યો છે. નબીએ ICC આચારસંહિતાની કલમ ૨.૪નું ઉલ્લંઘન કર્યું છે, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન અમ્પાયરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવા સાથે સંબંધિત છે. આ ઉલ્લંઘનને કારણે નબીને તેની મેચ ફીના ૧૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે.મોહમ્મદ નબીએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે અને અમીરાત ICC ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરીઝના ડેવિડ ગિલ્બર્ટ દ્વારા ફટકારેલ દંડનો વિરોધ કર્યા વિના સ્વીકાર કરી લીધો છે. ખેલાડીએ સ્વેચ્છાએ ગુનો કબૂલ કર્યો હોવાથી કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર નહોતી અને મેચ રેફરીના નિર્ણયને અંતિમ માનવામાં આવ્યો હતો. ICCના નિયમો અનુસાર, લેવલ ૧ના ભંગ માટે દંડ સત્તાવાર ઠપકાથી લઈને મેચ ફીના ૫૦ ટકાના મહત્તમ દંડ અને એક કે બે ડિમેરિટ પોઈન્ટ ઉમેરવા સુધીનો છે. નબીના કિસ્સામાં તેની મેચ ફી કાપવાનો નિર્ણય તેના વર્તનને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો હતો.

## રાજુ કરપડાના આક્ષેપો પર AAP નેતા ઈસુદાન ગઢવીએ આપ્યો મજબૂત જવાબ

# અમે નરેન્દ્ર મોદીને અને અમિત શાહને ચેલેન્જ કરીએ છીએ માટે AAPમાં રહેવું સહેલું નથી: ઈસુદાન ગઢવી

અમદાવાદ,

રાજુ કરપડાના આક્ષેપો અંગે આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ પાંચ વર્ષ આમ આદમી પાર્ટીમાં કામ કર્યું છે, તેના માટે અમે તેમનો આભાર માનીએ છીએ. આમ આદમી પાર્ટી સંઘર્ષનો માર્ગ અપનાવતી પાર્ટી છે. અમારી સાથે જોડાયેલા મોટાભાગના લોકો સામાન્ય, ગરીબ અને મધ્યમ વર્ગમાંથી આવે છે. અમે કેન્દ્ર અને રાજ્ય સરકારની નીતિઓને ખુલ્લેઆમ પડકારીએ છીએ, તેથી આમ આદમી પાર્ટીમાં કાર્ય કરવું સરળ નથી. ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે જ્યારે કોઈ નેતા જનહિતના મુદ્દે અવાજ ઉઠાવે છે ત્યારે તેને ડરાવવાની, ખોટા કેસોમાં ફસાવવાની અને જેલમાં મોકલવાની કોશિશ કરવામાં આવે છે. અગાઉ પણ અનેક નેતાઓને જેલમાં નાખવામાં આવ્યા છે અને દબાણ કરવામાં આવ્યું છે. રાજુભાઈ ઉપર પણ વિવિધ કેસો હતા અને ભાજપ દ્વારા દબાણ કરવામાં આવ્યું હોય તેવી શંકા નકારી શકાય નહીં.છછ નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે હડદડ અને કડદા કાંડ પછી રાજ્યમાં ભારે જનમાહોલ ઊભો થયો હતો. ખેડૂતો અને નાગરિકો પર થયેલા અત્યાચારને કારણે સરકાર સામે અસંતોષ વધ્યો હતો. આવા સમયે આંદોલનને નબળું પાડવા માટે નેતાઓને તોડવાની કોશિશ થવી સ્વાભાવિક છે. પાટીદાર અનામત આંદોલન દરમિયાન હાર્દિક પટેલ હીરો બની ગયા, પરંતુ ભાજપમાં લઈને ભાજપે હાર્દિક પટેલનું કરિયર ખતમ કરી નાખ્યું.રાજુભાઈ સારા અને હિંમતવાન વ્યક્તિ છે, પરંતુ કદાચ કોઈ મજબૂરીને કારણે તેમણે પાર્ટી છોડી હોય. ખેડૂતોને સંદેશ આપતા ઈસુદાન ગઢવીએ કહ્યું કે તેમની લડાઈ અટકવાની નથી. કોઈ પણ પ્રકારની ભયભાવનામાં આવવાની જરૂર નથી. "ટાઈગર હજી જિંદા છે." એક નેતા દૂર જાય તો પણ આંદોલન નબળું નહીં પડે. આગામી સમયમાં નવા નેતાઓ ઉભા કરવામાં આવશે અને ભાજપ સામે મજબૂત લડત ચાલુ રહેશે. આંદોલન તોડવું અને નેતાઓને પોતાના પક્ષમાં લઈ જઈ નબળા પાડવું ભાજપની જૂની રીત રહી છે. આમ આદમી પાર્ટીએ રાજુ કરપડા અને અન્ય ખેડૂત નેતાઓના સમર્થનમાં રાજ્યભરમાં મોટી સભાઓ અને મિટિંગો યોજી હતી સુરેન્દ્રનગરમાં આશરે ૫૦,૦૦૦ લોકોની વિશાળ સભા યોજાઈ હતી,ગામડાઓમાં હજારો મિટિંગો યોજાઈ હતી,ખેડૂત સમર્થન માટે સહી અભિયાન ચલાવવામાં



આવ્યું હતુ, કાનૂની લડત માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી વકીલોની ટીમ સક્રિય રાખવામાં આવી હતી, રાજુભાઈના પરિવારજનોને વ્યક્તિગત મુલાકાત લઈને સહકાર આપવામાં આવ્યો હતો.આજે કદાચ રાજુભાઈને ભાજપે સ્ક્રીપ્ટ લખી આપી હશે. પાર્ટી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો અને કોઈ કમી રાખવામાં આવી નહોતી. ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કર્યું કે આમ આદમી પાર્ટી સત્તા માટે નહીં પરંતુ ખેડૂતો, ગરીબો અને વંચિતોના હિત માટે રાજનીતિ કરે છે. જો સરકાર ખરેખર જનહિતના કામ કરે તો તેઓ રાજનીતિ છોડી દેવા તૈયાર છે. પરંતુ જ્યાં સુધી અન્યાય, ભ્રષ્ટાચાર અને દબાણની રાજનીતિ ચાલુ રહેશે ત્યાં સુધી આમ આદમી પાર્ટી સંઘર્ષ વધુ મજબૂત બનાવશે.ટ્રેડ ડિલ મુદ્દે વાત કરતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ટ્રમ્પની સામે ઝુકીને જે ટ્રેડ ડીલ કરવામાં આવી છે, તેની સામે છછ સડકથી લઈને વિધાનસભા સુધી આંદોલન ચલાવશે.

## ૧૦ મહિના રહીને હવે બનેવી સાથે ભાગી

# સાસુએ પહેલા જમાઈને ફસાવ્યો અને હવે બનેવી સાથે થઈ રફુચક્કર

### રાહુલે એવો પણ આરોપ લગાવ્યો કે આ મહિલા ઘરમાંથી કેશ અને દાગીના લઈને ભાગી ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ,

લો કરી લો વાત. લગભગ ૧૦ મહિના પહેલા એવા સમાચાર જ્યારે આવ્યા હતા કે એક સાસુ તેના ભાવિ જમાઈ સાથે ભાગી ગઈ ત્યારે યુપીની સાથે સાથે સમગ્ર દેશમાં ચકચાર મચી ગઈ હતી. આ મામલો ખુબ જ ચર્ચામાં આવી ગયો હતો. પરંતુ હવે આ કેસમાં ૩૬૦ ડિગ્રી જેટલો મોટો વળાંક આવ્યો છે. કારણ કે હવે એવા સમાચાર છે કે દીકરીના હક પર તરાપ મારી ચૂકેલી આ મહિલાએ હવે તેની બહેનના હક પર તરાપ મારી છે. એટલે કે તેના બનેવી સાથે ભાગી ગઈ છે. જાણો શું છે સમગ્ર વિગતો.

ઉત્તર પ્રદેશના અલીગઢમાં લગભગ ૧૦ મહિના પહેલા આ મહિલા તેના ઘરમાં દીકરીના લગ્નની તૈયારીઓ ચાલતી હતી અને અચાનક તેના ભાવિ જમાઈ સાથે જ ભાગી ગઈ હતી. ભાગીને બંને બિહારના સીતામઢીમાં રહેતા હતાં જ્યાં જમાઈ રાહુલ કપડાંનો વેપાર કરતો હોવાનું જાણવા મળ્યું છે.

હવે આ કેસમાં નવો વળાંક એ આવ્યો છે કે રાહુલે પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ નોંધાવી છે કે આ સાસુ હવે તેના બનેવીની સાથે ભાગી ગઈ છે. તેની સાથે બે લાખ રૂપિયા અને દાગીના લઈને પણ જતી રહી છે. અલીગઢના મડરાક વિસ્તારમાં એક ગામમાં રહેતી મહિલા એપ્રિલ ૨૦૨૫માં તેના ભાવિ જમાઈ રાહુલ સાથે ભાગી ગઈ હતી. થોડા દિવસો બાદ તે પોતે જ પાછી ફરી હતી અને રાહુલ સાથે રહેવા માટે મક્કમ હતી. કાઉન્સિલિંગ બાદ પોલીસે બંનેને સાથે રહેવાની મંજૂરી પણ આપી દીધી હતી.

મહિલાની દીકરીના ૧૬ એપ્રિલે લગ્ન હતા. ઘરમાં લગ્નનો માહોલ હતો, તૈયારીઓ થઈ રહી હતી અને સગાવ્હાલાઓની અવરજવર ચાલુ હતી. પરંતુ લગ્નના ૧૨ દિવસ પહેલા જ એવું થયું કે જેની કોઈએ કલ્પના પણ ન કરી હોય.

જે યુવક સાથે દીકરીના લગ્ન થવાના હતા તેની સાથે જ માતા ભાગી ગઈ. આરોપ એવો પણ હતો કે તે ઘરમાંથી લાખો રૂપિયા અને દાગીના તથા કેશ લઈને ભાગી ગઈ. પરિવારનો દાવો હતો કે લગભગ પાંચ લાખ રૂપિયાના દાગીના અને સાડા ત્રણ લાખ રૂપિયા કેશ ગાયબ હતા. દીકરીએ તો મીડિયા સામે કહી દીધુ હતુ કે માતા ઘરમાં દસ રૂપિયા પણ રાખીને ગઈ નથી.

પરિવારના જણાવ્યાં મુજબ રાહુલેને મહિલાએ સ્માર્ટફોન અપાવ્યો હતો.

ધીરે ધીરે ફોન પર વાતચીત વધી કલાકો વાત થતી. મહિલાના પતિએ તો એવો પણ આરોપ લગાવ્યો કે તે જ્યારે લગ્નની તૈયારીઓ મામલે ઘરે આવ્યો ત્યારે તેને ખબર પડી કે પત્ની અને રાહુલ વચ્ચે ૧૫-૨૦ કલાક ફોન પર વાત થાય છે. પહેલા તેને સામાન્ય લાગી પરંતુ પછી શક થવા લાગ્યો હતો.

લગભગ દસ મહિના બંને બિહારમાં સાથે રહ્યા બાદ આ પ્રેમકથામાં નવો વળાંકઆવ્યો છે. સ્થાનિક સૂત્રો મુજબ તેઓ પતિ પત્નીની જેમ જ રહેતા હતા. પરંતુ હાલમાં રાહુલે આરોપ લગાવ્યો કે મહિલા તેને છોડીને તેના જીજા સાથે જતી રહી છે. રાહુલનું કહેવું છે કે જતી વખતેતે બે લાખ રૂપિયા કેશ અને કેટલાક દાગીના પણ લેતી ગઈ છે.

રાહુલે કહ્યું કે મે તેના માટે મારું ઘર છોડ્યું, સમાજની વાતો સાંભળી અને હવે તે મને છોડીને જતી રહી. રાહુલના જણાવ્યાં મુજબ મહિલા અનેક દિવસોથી દીકરી, બહેન અને બનેવીના સંપર્કમાં હતી. તેની બહેને તેને ધમકી આપી હતી, પરંતુ બાદમાં વાતચીતથી મામલો ઉકેલાયો હતો.

છ ફેબ્રુઆરીએ જ્યારે રાહુલ કામ પર ગયો તો ત્યારે તેનો બનેવી ઘરે આવ્યો અને મહિલાને ફોસલાવીને તેની સાથે લઈ ગયો. મહિલા તેની સાથે કેશઅને દાગીના લઈ ગઈ એવો પણ આરોપ છે.

રાહુલ અલીગઢ પહોંચ્યો અને પોલીસ સ્ટેશન દાદોમાં ફરિયાદ નોંધાવવાની કોશિશ કરી.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**કમિન્સ બનાવવા માટે ડી ચેક કીટ માટેના સ્પેર્સ**

પક્ષિક ટેન્ડર જાહેરાત, ભારતના રાષ્ટ્રપતિ વતી સિનિયર ડીએમએમ અમદાવાદ સામગ્રીના પુરવઠા માટે નીચેના ઇલેક્ટ્રોનિક ઓપન ટેન્ડરને આમંત્રણ આપે છે: **અનુ નં (1); સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન:** કમિન્સ બનાવટ માટે ડી ચેક કીટ માટેના સ્પેર્સ; **જથ્થો:** 08 સેટ; **ટેન્ડર સમાપ્તિ તારીખ:** 16.03.2026; ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-273

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાજુ કરપડાના શબ્દો કોઈ સ્ક્રીપ્ટમાંથી આવતા હતા એવી શંકા છે: ગોપાલ ઈટાલીયા

અમદાવાદ,

રાજુ કરપડા પર લાગેલા કેસ મામલે ખુલાસો કરતા આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે રાજુભાઈ કરપડાએ રાજીનામું આપ્યું છે. આજે એમનો આભાર માનતા સાથે ખેદ વ્યક્ત કરવો છે કે આજે જ્યારે રાજુભાઈ આમ આદમી પાર્ટી સાથે નથી, એ વાતનું દુઃખ તો છે જ. પરંતુ એના કરતાં પણ હજાર ગણું વધુ દુઃખ આજે રાજુભાઈનો ચહેરો અને શબ્દો જોઈને મને થયું છે. મેં રાજુભાઈને હંમેશા મારી બાજુમાં બેસીને બોલતા સાંભળ્યા છે. માઈક પર, મંચ પર અમે એકસાથે બેઠા હોઈએ અને બોલતા હોઈએ. એમના અવાજમાં ગર્જના હતી. એમના ચહેરા પર કાયદેસરનું એક જનૂન અને એક આક્રોશ હતો, લોકો માટે લડવાનુ. જ્યારે તેઓ બોલતા ત્યારે સાંભળનાર લોકોના હૃદય સુધી વાત પહોંચતી. શ્રોતાઓના હૃદય સુધી વાત પહોંચતી. પરંતુ આજે તેઓ જે બોલતા હતા એ શબ્દો એમના હૃદયમાંથી નહીં, સ્ક્રિપ્ટમાંથી આવતા હોય એ પ્રકારના શબ્દો હતા. એ શબ્દોમાં કોઈ દમ નહોતો, વજન નહોતું, તાકાત નહોતી. જ્યારે તેઓ અમારી સાથે હતા, આમ આદમી પાર્ટી સાથે હતા, ત્યારે જે બોલતા હતા એ શબ્દોમાં તાકાત હતી. આજે એમના ચહેરા પર નૂર નહોતો. આજે એમના ચહેરા પર એક ગ્લાનીનો ભાવ હતો.જાણે, કંઈ ખોટું કરી રહ્યા હોય, ન કરવાનું કરી રહ્યા હોય એવો ભાવ હતો.

ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજુભાઈએ અનેક રાજકીય પ્રકારના આરોપો, આક્ષેપો અમારી પાર્ટી પર કર્યા. કડદા કાંડને લઈને બનેલી ઘટનાઓ પર બધું જ કહ્યું. પરંતુ એમણે એક વાત ગુજરાતની જનતાથી છુપાવી, જે વાત હું તમારા સુધી મૂકવા માગું છું કે રાજુભાઈએ આવું પગલું કેમ ભરવું પડ્યું? કારણ કે એમના ઉપર કુલ ત્રણ કેસો છે. ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં એફિડેવિટમાં એમણે ત્રણ કેસોનો ઉલ્લેખ કર્યો છે. એક કેસ કલમ ૩૨૬નો એટલે કે ટાંડિયા તોડી નાખવાનો કેસ, હાથપગ તોડી નાખવાનો કેસ. બીજા બે કેસ જાનથી મારી નાખવાની કોશિશ (કલમ ૩૦૭) ના. જે ટાંડિયા તોડવાનો કેસ છે, એ કેસમાં એમને ૨૦૨૨ની ચૂંટણી પછી પાંચ વર્ષની સજા થઈ ચૂકી છે. જ્યારે એ સજા પડી ત્યારે પાર્ટીમાં ચર્ચા થઈ. રાજુભાઈ ખૂબ ડરતા હતા હવે શું થશે? ત્યારે અમે બધાએ કહ્યું કે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કોર્ટમાં કાયદેસર લડશું અને આગળ વધશું. બાકી બે ૩૦૭ના કેસોમાં આજે સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટમાં તારીખ હતી, ૧૨મી ફેબ્રુઆરી. ફાઈનલ દલીલ. આખરી નિર્ણય. કેસ નં. ૪૩/૨૦૧૮ અને ૪૪/૨૦૧૮. આ કેસમાં રાજુ કરપડા સહિત પાંચ આરોપીઓ હતા. આજે આખરી નિર્ણય લેવાનો હતો. ભાજપ તરફથી એમના ઉપર દબાણ કરવામાં આવ્યું કે જો ૧૨મી તારીખે પ્રેસ કૉન્ફરન્સ કરીને સ્ક્રિપ્ટ પ્રમાણેના આરોપ નહીં લગાવવામાં આવે તો કોર્ટમાં કંઈ પણ થઈ શકે છે. બંને કેસ અલગ છે, પરંતુ બંનેમાં એક જ દિવસે ફાઈનલ હિયરિંગ. એટલે લાચારીમાં, મજબૂરીમાં, ડરના કારણે એમણે આ પગલું ભર્યું.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે રાજુભાઈએ કહ્યું કે પાર્ટી તરફથી લીગલ સપોર્ટ મળ્યો નહીં. જ્યારે હકીકત એ છે કે હાઈકોર્ટ ટીમમાંથી ઓમભાઈ કોટવાલ, મેહુલભાઈ શ્રીમાળી, પ્રણવભાઈ ઠક્કર જોડાયા. સ્થાનિક ટીમમાંથી એડવોકેટ વિરડા સાહેબ, એડવોકેટ પારસ બાવળીયા જોડાયા. સુપ્રીમ કોર્ટના સિનિયર કાઉન્સેલ એડવોકેટ રજત ભારદ્વાજ, એડવોકેટ વિક્રમ ચૌધરી, એડવોકેટ વિજય દલાલ, રૂબરૂ અને વિડિયો કૉન્ફરન્સથી હાજર રહ્યા. રાજુભાઈના સૂચન મુજબ અન્ય એક એડવોકેટ હૃદય બુચને પણ હાયર કરવામાં આવ્યા. ઉપરાંત એડવોકેટ સાવન પટેલ સહિત અનેક વકીલો જોડાયા હતા. લીગલ લડતમાં મર્યાદાઓ હોય છે. પોલીસ એફિડેવિટ ન આપે તો સુનાવણી અટકે. સરકારી વકીલ ગેરહાજર રહે તો તારીખ પડે. જજ રજા પર હોય તો કાર્યવાહી અટકે.

એ વાત રાજુભાઈ જાણતા હતા. જેલમાં માત્ર રાજુભાઈ નહોતા. અમારા પ્રદેશ અધ્યક્ષ સહિત દસ નેતાઓ હતા. દસમાંથી નવને કોઈ ફરિયાદ નથી. માત્ર રાજુભાઈને જ છે. કારણ શું? કારણ કે આજે સુરેન્દ્રનગર કોર્ટમાં ફાઈનલ દલીલ હતી. રાજુભાઈ અને પ્રવીણ રામને એક જ દિવસે જામીન મળ્યા. પરંતુ રાજુભાઈને રાત્રે લગભગ ૧૦ વાગ્યે જેલમાંથી બહાર કાઢવામાં આવ્યા. પ્રવીણ રામ બીજા દિવસે બપોરે બહાર આવ્યા. સામાન્ય રીતે સાંજે છ પછી કોઈ કેદીને બહાર છોડતા નથી. તો આ વિશેષતા કેમ?

અમે રાજુભાઈના સમર્થનમાં સુરેન્દ્રનગર, ખંભાળિયા, તાલાળા, વ્યારા, આંકલાવ, પાલનપુર, અમરેલી અને રામપર સહિત આઠ મહાપંચાયતો કરી. પાર્ટીએ કરોડોનો ખર્ચ કર્યો. સ્ટેજ, માઈક, મંડપ, ચા-નાસ્તો, પ્રચાર. અરવિંદ કેજરીવાલે સુરેન્દ્રનગરમાં વિશાળ જનસભા કરી. જેલમાં મળવા પ્રયત્નો કર્યા પરંતુ મળવા દીધા નહીં. આખી ઘટનાનો સાર એટલો જ છે રાજકીય કિચડ ઉછાળવો એ સહેલું છે. રાજુ કરપડાએ ગાંધીનગરમાં ગૃહમંત્રી સાથે ગુપ્ત બેઠક કરી હતી. ભાજપનો હાથો બનીને ગુજરાતના ખેડૂતોના નિસાસા લેવાનું કામ કર્યું છે. ગુજરાતના ખેડૂતોના મનમાં આશા જાગી હતી અને તેવા સમયમાં રાજુ કરપડાએ જે પાપ કર્યું છે યોગ્ય નથી. જો આજે રાજુભાઈ પ્રેસ કોન્ફરન્સ કરીને છછ પર આરોપ ન લગાવતા તો કોર્ટમાં એમને મોટી સજા થવાની સંભાવના હતી. રાજુ કરપડાને જેલમાં ક્યાઁજી મળ્યા અને શું ચર્ચા થઈ તેની પાક્કી વિગત મારી પાસે છે. પરંતુ જેલમાં ન જવું પડે એટલા માટે ગુજરાતના કરોડો લોકોના સપનાઓ તોડવા એ મોટું પાપ છે. મને રાજુભાઈ પ્રત્યે કોઈ નારાજગી નથી. પરંતુ દુઃખ એ વાતનું છે કે જેલના ડરથી ખેડૂતોના આંદોલનની બલિ ચઢાવી. મારી વિનંતી છે જો કેસોની કોઈ ડીલ થઈ હોય, તો માત્ર પોતાના બે કેસ નહીં, પરંતુ ખેડૂત આંદોલન સાથે જોડાયેલા નિર્દોષ ખેડૂતોના કેસ પણ પાછા ખેંચાવા પ્રયત્ન કરો.

### ફાયરની ટીમ ઘટનાસ્થળે, ફસાયેલા ૧૦૦ લોકનું રેસ્ક્યુ

# અમદાવાદના વસ્ત્રાપુરની શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગમાં આગ લાગી

## ફાયર વિભાગની ૮ થી ૧૦ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદની ITC નર્મદાની બાજુમાં આવેલા શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગના ચોથા માળે આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગના બનાવના કારણે બિલ્ડિંગમાં કેટલાક લોકો ફસાયા હતા. ફાયર વિભાગની ૮ થી ૧૦ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. છે. જેમાં ફાયરની ટીમ દ્વારા ૧૦૦ જેટલાં લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી શિવાલિક હાઈ સ્ટ્રીટ બિલ્ડિંગમાં ભીષણ આગ લાગ લાગતા આખા બિલ્ડિંગ તથા કેમ્પસમાં ભાગદોડી મચી હતી. આગ લાગતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતાં નવરંગપુરા, બોડકદેવ, થલતેજ, પ્રહલાદનગર અને મણિનગર ફાયર સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. જેમાં ૨૫થી વધુ ફાયરકર્મી દ્વારા બચાવ કામગીરી હાથ ધરી હતી.

આગની ઘટનાને પગલે લોકો જીવ બચાવવા માટે બિલ્ડિંગના ધાબા પહોંચ્યા હતા. ફાયરની ટીમે બિલ્ડિંગમાં ફસાયેલા ૧૦૦થી વધુ લોકોનું સ્નોરકેલથી નીચે ઉતારીને રેસ્ક્યુ કર્યું. આગ લાગતા બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતા, જેના કારણે ચારથી પાંચ લોકોને ગુમરાહમણ થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### ગામમાં અફરાતફરીનો માહોલ

# લીલિયાના કણકોટમાં નીલગાયનો કહેર જોવાયો

## બાળકો અને વૃદ્ધોને ઘરની બહાર ન નીકળવા અને ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી,

અમરેલી જિલ્લાના લીલિયા તાલુકાના કણકોટ ગામમાં હડકવા ઉપડેલી એક નીલગાયે ભયજનક સ્થિતિ સર્જી હતી. ઉશ્કેરાયેલી હાલતમાં નીલગાયે ગામમાં અને આસપાસના વિસ્તારમાં દોડધામ મચાવી બે વ્યક્તિઓ પર હુમલો કરી તેમને ઈજાગ્રસ્ત કર્યા હતા. મળતી માહિતી અનુસાર, નીલગાયના હુમલાનો ભોગ બનેલા લોકોમાં રવજી બાબરિયા અને ભાનુબેન ગોસાઈનો સમાવેશ થાય છે. ઈજાગ્રસ્ત રવજીભાઈએ જણાવ્યું હતુ કે, 'હું ઘરે જઈ રહ્યા હતા ત્યારે પાછળથી નીલગાયે અચાનક હુમલો કર્યો હતો.' બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. નીલગાય રસ્તા પર આવતા-જતાં લોકો પાછળ દોડતી હતી, જેના કારણે ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ભયના માર્યા અનેક ગ્રામજનોએ પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા. બાળકો અને વૃદ્ધોને ઘરની બહાર ન નીકળવા અને ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોતા લીલિયા રેન્જ વનવિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વનવિભાગે આસપાસના વિસ્તારને કોર્ડન કરી લોકોને પ્રાણીથી દૂર રાખ્યા હતા. ત્યારબાદ ભારે જહેમત અને સતર્કતા બાદ હડકવા ઉપડેલી નીલગાયને પાંજરે પૂરવામાં આવી હતી અને તેને એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે.

# ડિંડોલી પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ચોરીની રિક્ષા સાથે આરોપી ઝડપાયો

## ઓટોરિક્ષા સહિત કુલ રૂપિયા ૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત શહેરના ડિંડોલી પોલીસ મથકની ટીમે વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલા એક આરોપીને ચોરીની ઓટોરિક્ષા સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસે આરોપી પાસેથી રિક્ષા સહિત લાખોનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડિંડોલી પોલીસની ટીમ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગમાં હતી, તે દરમિયાન એક શંકાસ્પદ ઓટોરિક્ષા ચાલકને અટકાવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા રિક્ષાના કાગળો અને એન્જિન નંબરની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ રિક્ષા ચોરીની છે.

આરોપીએ પોલીસને સંતોષકારક જવાબ ન આપતા તેની કડક પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેણે રિક્ષા ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

મુદ્દામાલ અને ધરપકડ: પોલીસે આ કાર્યવાહી દરમિયાન ઓટોરિક્ષા સહિત કુલ ૧,૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) નો મુદ્દામાલ કબજે કર્યો છે. ડિંડોલી પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસ એ તપાસ કરી રહી છે કે આ આરોપીએ શહેરના અન્ય કયા વિસ્તારોમાં વાહન ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો છે.

# પાલનપુરમાં વર્ષો જૂના ૧૫ જેટલા પાકા દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર,

પાલનપુરમાં લાંબા સમય બાદ તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલનપુર-જગાણા માર્ગના રીનોવેશન અને પહોળીકરણની કામગીરીમાં અવરોધરૂપ બનતા વર્ષો જૂના ૧૫ જેટલા પાકા દબાણો પર આજે તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. આ કામગીરી દરમિયાન સ્થાનિકો અને અધિકારીઓ વચ્ચે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

માર્ગ અને મકાન વિભાગના કર્મચારીઓ જ્યારે જેસીબી મશીન સાથે દબાણ હટાવવા પહોંચ્યા ત્યારે સ્થાનિક દબાણદારોએ કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. મામલો બિચકતા અને અધિકારીઓ સાથે ઘર્ષણ થતા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ મામલો થાળે પડ્યો હતો અને ફરીથી દબાણ તોડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન વોર્ડ નંબર ૧૦ ના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સમયે મતો માંગવા આવતા કોર્પોરેટરો અત્યારે મુશ્કેલીના સમયે દેખાતા નથી.

